ॐ श्री परमात्मनेनमः

રતી-રમણ નાટકનાં ગાયનો.

૭૪૭૮

શ્રી અમદાવાદ ગુજરાતી નાટક કંપનીને માટે

રચનાર.

જાની મહાશુખરામ પુરશોતમ.

છપાવી પ્રસીધ્ધ કરનાર.

શ્રી અમદાવાદ ગુજરાતી નાટક કંપની

આવૃતી ૧લી પ્રત ૧૦૦૦

સુરત. "દેશિ મીત્ર" પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસે છાપ્યું.

સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.

કીંમત રૂ ૦-૨-૦

રતી રમણ નાટકનો ટુંક સાર.

અંક ૧ લો

૧—પ્રથમ શરૂઆતમાં ગાંધર્વ કુમારો ઇશ્વર સ્તવન કરે છે.

વૈભવપુરમાં અંશુધ્વસેન નામનો ભોળો પણ દયાળુ દીલનો રાજા રાજ્ય કરતો હતો તેના ભોળ પણાનો લાભ લેઇ તેના નાના ભાઈ સબળસેને રાજ્ય લેવાની લાલચથીરાજ્યના મુખ્ય અમલદારોને તથા પ્રજા વર્ગમાંના કેટલાએક માણુસોને પોતાની તરફના કરી લીધા રાજાના મોટા કુંવર રમણસીંહ ઉમર લાયક

હોવાથી તેને રાજ્ય ગાદી સોંપવામાં આવવાની હતી સબળસેન રૈયતને ઉશ્કેરી રાજાની હજુરમાં રમણુસીંહ વીશે ખોટી ફરીયાદો રજુ કરાવી અને રમણુસીંહ ઘણા દીવસ થયાં કુછંદમાં પડેલો છે, એવી એક ચંદ્રા નામની નાયકા અને તેની છોકરી તારાની મદદથી સાબીત કરી આપ્યું આ હકીકત ઉપરથી ભોળા અબુ-ધ્ધસેને પોતાના કુંવરને દેશવટો દીધો. નાના કુંવર જયસીંહને પોતાના ભાઇના દેશનિકાલ થવાથી દીલગીરી થઇ માતા આગળથી ગુજરી ગયેલી હોવાથી આ નાના બાળકને પોતાનો ભાઇ યાદ આવતો હતો. પણ નીમકહલાલ પ્રધાન માધવરાયે તેને ધિરજ આપી રાજ્યમાંજ રાખ્યો હતો. રમણુસીંહ જવાથી સબળ-સેનનું જોર પુરેપુરૂં જામ્યું રાજ્યમાં ખરેખરી અંધાધુની ચાલવા લાગી. અમલદારોએ વીના હરકતે રૈયતને લુટવા માંડી. રાજાનો સાળો અને શહેરના કોટવાલ પૈસા મેળવવાની લાલચથી આબરૂદાર માણસોની ઇજતપર હાથ કરવા લાગ્યો કેદારસીંહના મનમાં પણ રાજ્ય મેળવવાની ઉમેદ ચમકયા કરતી હતી અને આ બાબતથી સબળસેન તથા તેની વચ્ચે કાપાકાપીનું વેર ચાલતું હતું સાંન્તા રામ રાજ્ય તરફ નીમકહલાલ રહી આ બન્નેની વચ્ચે ચાલતી દુશ્મનાવટનો વધારો કરતો હતો. રત્નપુરના રાણા શ્રી ભીમદેવ તેની પુત્રી લેઇ શીકારે નીકળેલા હતા શિકારની કસરતથી શ્રમિત થયેલી પુત્રીને એક સ્થળે બેસવાનું કહીને ભીમદેવ એક બીજો શીકાર નજરે પડવાથી તેની પાછળ જાય છે દેશ નીકાલ થયેલો રાજકુંવર રમણુસીંહ આ જંગલમાં નીંદ્રા લેતો રતીની દ્રષ્ટીએ પડે છે. યુવાવસ્થામાં પ્રવેશ કરતી બાળા આ કુંવરને જોઇ તેના ઉપર મોહીત થાય છે ઉભરાઇ જતા પ્યારને અંકુશમાં નહિ રા-

ખી શકવાથી નિંદ્રાવશ થયેલા રાજકુંવર સાથે અરસપરસ મુદ્રિકા બદલી મુકે છે રમણ સ્વપ્ન વશ થયેલો એકદમ જાગૃત થતાં પોતાની મુદ્રિકા બદલાયેલી જોઇ તથા તેપર લખેલું રતીનું નામ વાંચી તેને પ્રત્યક્ષ મળવાને આતુર થઇ રહ્યા હતો એટલામાં તેના ક્રુર કાકા સબળસેને મોકલેલા મારાઓ તેનું ખુન્ન કરવા ત્યાં આવી ચઢે છે મુદ્રિકા બદલાયાથી થતી અસર જોવાને રાજકુંવરી " રતી " જે એક ઝાડ પાછળ છુપાઇ હતી. તે એકદમ બહાર આવીને પોતાના ધારી લીધેલા પતીને ખુની લોક સાથેની ઝપાઝપીમાં મદદ કરે છે તે દરમીયાન રાણો ભીમદેવ ત્યાં આવી ચઢે છે અને પોતાની પુત્રી તથા રમણસીંહને એક બીજાને પ્રેમ મય દ્રષ્ટિથી નીહાળતાં ઉભેલાં જોય છે.

હવે વૈભવપુરમાં જયસીંહને ક્રૂર સબળ રાજ્યમાંથી દુર કરવાના પ્રપંચ કરતો હતો એક દીવસ પોતાના ભાઈ અમુધ્યસેનની સાથે સબળસેન બગીચામાં ફરવા જતો હતો. તેવામાં ખબર મળી કે જયસીંહ બગીચામાં છે. એટલે સબળ ઘોડાવાળાને લાલચ આપી પોતાના ભાઇને ગાડીમાંથી પાડી નંખાવી પીસ્તોલથી જયને ઘાયલ કરી જયનું ખુન કરવા માટે બગીચામાં આવે છે. તે અરસામાં કેદારસીંહ પણ જયસીંહનું ખુન કરવાના ઇરાદાથી ત્યાં આવે છે. અને સબળને ખુન કરતો જોઇ તેને અટકાવે છે. અને જયસીંહ બચે છે.

આ મોટી આફતમાં જયસીંહ બચવાના ખબર માધવરાયને થતાં પોતાના વિશ્વાસુ માણસ હકલાની સાથે જયસીંહને મોકલી આપે છે. જયસીંહ પોતાની જાળમાંથી બચ્યો માટે સબળે પોતા-

ના ભાઈ અચ્યુધ્ધસેનને દવામાં ઝેર ભેળવી આપવાની સલાહ લાલશંકર વૈદ્યને લાલચ આપી પણ સઘળો ભેદ ખુલ્લો થતાં માધવરાય સબળને હકલા ભીલની સાથે તેને ઘેર મોકલી આપે છે. અને મહારાજા અચ્યુધ્ધસેનને બચાવે છે.

અંક ૨ જો.

રાણા ભીમદેવને ત્યાં રહેલો રમણ દીનપ્રતીદીન રતીના પ્યારમાં લુબ્ધ થતો જાય છે. રતી રમણસીંહના પ્યારની ખરી કસોટી કરવા પોતાની એક વીમોહા નામની દાસીને યોગીને સ્વરૂપે રમણસીંહને મળી ખરી વાતથી વાકેફ થવાં હુકમ કરેલો તે પ્રમાણે વીમોહા રમણસીંહ અને રતી વચ્ચેની પ્રેમની ખરી કસોટી કરી તેને રતી સાથે મેળાપ કરાવે છે. આ મેળાપ વખતે રાણા ભીમદેવનું ત્યાં આવવાનું થવાથી પ્રેમી જોડાને તરત છુટું થવું પડે છે. ભીમદેવ આ વખતે રમણસીંહને તેનો ભાઇ પીતા રાજ્ય વગેરેનું સ્મરણ કરાવી તેના મનના વીચારોથી વાકેફ થાય છે. કુંવરની હુંશીયારી તથા વાકય ચતુરાઇથી રાણો ભીમદેવ પ્રસન્ન થાય છે, એટલામાં ખબર પડે છે કે રત્નપુરપર કેટલાક બ્હારવટીઆંઓ ચઢી આવે છે. હકલાને ત્યાંથી નાસી છુટેલા સબળે આ બહારવટીયા લોકોને રમણને પકડવા મોકલેલા હતા. બ્હારવટીઆઓ રસ્તામાં ત્રાસ વરતાવતા રત્નપુર તરફ આવતા હતા. સબળસેન તેમના

ખબર મેળવવા તેમના તરફ આવતો હતો. વેશ બદલેલો હોવાથી ઓળખાણ નહી પડતાં બારવટીઆઓ તેને ઘાયલ કરે છે બ્હાર વટીઆના રત્નપુર તરફ આવવાના સમાચાર સાંભળી તેમનો નાશ કરવા નીકળેલો રમણ તથા સીપાઇયો બ્હારવટીઆ લોકોના સમુદ્ર કીનારાના મીનારા પાસે આવી પહોંચે છે ખુબ કાપાકાપી થતાં સી પાઇયો ઘાયલ થાય છે અને કેટલાક બારવટીઆઓ ઘાયલ થઈ પડે છે છેવટે રમણ મીનારામાં ભરાઈ જાય છે સબળસેન મીના રાને સળગાવી મુકે છે તેથી રમણ સમુદ્રમાં પડે છે.

વીરહાનળથી બળતી "રતી" રમણ બારવટીયાના પાછળ ગયા ના સમાચાર જાણી બહુ દુઃખી થાય છે વીરહવેદના અસહ્ય થઇ પડવાથી સાથે બે દાસીયો લઇ રમણ પાછળ જાય છે જયસીંહ હકલાને ત્યાંથી પોતાના ભાઇ નીકળ્યો હતો તેનો રતી સાથે જંગ લમાં મેળાપ થાય છે. ભાઇની પુછ પાછ કરતાં જયસીંહને માલમ પડે છે કે તેની સાથે વાત કરનારા મરદના પોશાકમાં ઓરતો છે એક બીજાનું નામઠામ પુછતાં દીયર ભાભીનો સબંધ ખુલો પડે છે. એટલામાં સબળસેન ભટકતો ત્યાં આવી ચડે છે જયસીંહ તે ને ઘાયલ કરી રતીની દાસીઓ સાથે રત્નપુર મોકલી દે છે. પરંતુ રસ્તામાં દાસીઓના હાથમાંથી છટકે છે પણ તેના કમનસીબને લીધે પાછો હકલાના પંજામાં સપડાય છે.

રતી અને જયસીંહ રમણની શોધમાં ફરતાં હતાં રાત્રી થઇ જવાથી જંગલમાં ભાણા નામના કણબીને ત્યાં તેઓએ ઉતારો કર્યો હતો. રમણસીંહ બળતા મીનારાપરથી દરીયામાં કુદી પડેલો તેને તરતાં આવડતું હોવાથી કીનારે આવી ટાઢે ઠરતો ઠરતો ભાણા

પટેલની ઝુંપડી આગળ આશ્રય શોધતો આવી પહોંચ્યો. ચોર ધારી મારવા લીધો ગડબડ સંભળાયાથી ઝુંપડીમાંથી રતી અને જય જે ત્યાં રાતવાસો રહયાં હતાં તે બહાર આવ્યાંને રમણસીંહ ને ઓળખી કહાડી એક બીજાને મળી આનંદીત થયાં અહીંથી તેઓ રત્નપુર તરફ જાય છે.

અંક ૩ જો.

રત્નપુરથી ભીમદેવ રમણ જય અને રતી લશ્કર સહીત વૈભવપુરમાં આવી બગીચામાં પડાવ નાંખી રહે છે. ત્યાંથી રમણ ખાનગી જાસુસ મારફત દીવાન માધવરાય તથા સાંન્તારામને પોતાને આવવાની ખબર આપે છે સાથે રહેલું પ્રેમીજોડું વખત મળતાં પરસ્પર મળી પ્રેમનો વધારો કરે છે. સાંન્તારામને ખબર મળતાં રમણ અને જયને મળવા આવે છે. તે દરમીયાન સબળ ને તથા કેદારને પકડવાના કામની ખટપટ પોતાને માથે ઉઠાવી જાય છે બાદ કેદાર અને તારાની ખાનગી મુલાકાત વખતે ત્યાં આવી ચઢે છે પરસ્પરની વાત સાંભળી તારાને કેદાર માટે અવળું સમજાવી તેને પકડવાની ગોઠવણ કરે છે સબળસીંહ હકલાને ત્યાં છે એવી ખબર કેદારસીંહને પડતાં તરત તે સબળને પકડવા હકલાને ત્યાં આવ્યો. અને હકલાની ગેરહાજરીમાં હકલાની સ્ત્રીને સમજાવી સબળને પોતાના હવાલામાં લે છે. સબળ ગાંડાપણાનો ઢોંગ કરી કેદાર

નેઠગે છે. પણ તે નહી ઠગાતાં તેને સીપાઇયો સાથે વૈભવપુર તરફ રવાના કરે છે વૈભવપુરમાં આવતાં વેસ્યાની છોડી તારાની મદદથી સીપાઇયોના પંઝામાંથી છુટો થયો અને તારાને ત્યાં રહ્યો. તે દરમીયાનમાં કેદારસીંહ તારાને ત્યાં મીજલસ કરાવી ખુબરંગ રાગમાં બેઠો છે તારા સાથે ગોઠવી રાખેલ સંકેત મુજબ સબળ સીંહના હાથે કેદારને ઝેર આપવાનુ હતું સાંન્તારામ મારફત આ બાબતની રમણ અને જયને ખબર મળે છે ખબર મળતાં બંને ભાઇયો પોતાના સીપાઇયો સહીત તારાને ત્યાં આવી ચડે છે. ને કેદાર તથા તેના દારૂડીયા મીત્રોને કેદ કરે છે. આ ગડબડમાં દાસીને વેશે નાચ કરતો સબળ નાસી છુટે છે પણ તારાને સપડાવતાં સબળ ત્યાંથી નાશી જવાના સમાચાર મળે છે તરત તેમની પાછળ સીપાઇને મોકલી તારાનું ઘર જપ્ત કરી કેદારને કેદ કરી બન્ને ભાઇયો જાય છે.

નાશી છુટેલોં સબળ ઓરતના લીબાસમાં શું કરવું ને કયાં જવું એ વીચારમાં રસ્તે ચાલતો હતો. ત્યાં રમણના મોકલેલા સીપાઇઓ આવી તેને પકડે છે. છટકવાના ઘણા પ્રપંચ કરી સીપાઇઓને ભરમાવે છે પણ સીપાઇયો એકમત થતાં તેઓ વચ્ચે તકરાર થાય છે એટલામાં જયસીંહને સાન્તારામ આવી ચઢે છે તે સબળસીંહને ઓળખી કેદ પકડે છે.

અબુધ્ધસેન પુત્ર વીયોગના શોક સાગરમાં ડુબેલો હતો. તેવાંમાં તેમને ભીમદેવ અને માધવરાય આવી ધારણા આપે છે.

કામા ગ્નીથી પીડાતી રતી રમણ સાથે હમેશને માટે જોડાવાને અનેક તર્કો કરે છે. તેવામાં ભીમદેવ તરફથી તેની મન

કામના પુરી થશે એવા સમાચાર મળવાથી આનંદમાં આવી જઇ પોતાની દાસીયો સહીત રંગમંડપમાં જવાની તૈયારી કરે છે.

કેદાર તથા સબળને અયુધ્ધસેનની રૂબરૂ ખડા કરી દીવાન માધવરાય તથા ભીમદેવ તેઓનો ઇન્સાફ કરે છે. પરીણામમાં સબળને જન્મ કેદ તથા કેદારને દેશનીકાલની સજા કરવામાં આવે છે. પુત્ર વીયોગથી પીડાતા પીતાને તેમના બન્ને પુત્રો અંહી આવી મળે છે. રાણા શ્રી ભીમદેવના અતી આગ્રહથી એ જ સ્થળે રમણસીંહને રતીનો હાથ હમેશને માટે સોંપવામાં આવે છે.

સમાપ્ત.

અંક ૧ લો.

ગંધર્વકુમારો— ૧

ૐ શ્રી પરમાત્મા ૐ શ્રી હરી નામ સ્મરૂં
આપો જ્ઞાન ભક્તી નીત્ય કરૂં

અશરણ શરણ તમે પ્રતિપાલ જય જય જય જય દેવ દયાલ. ૐ
કિડીનક તકધા, તધિન કીટધા, કડાં કડાં ધા. ધા. ધા.

સનનન ઝુમ, સનનન ઝુમ, સનનન ઝુમ, કડાં ધા. ધા. ધા. ૐ

વારાંગનાઓ— ૨

તિરકીટ તકધે ધિન્ના, ધાગેન ધા ધા ધાતુના;
ધાગેન ધા ધા ધાતુના ધાગેન ધા ધા ધાતુના—તીર.
ધાકીટ તકઝુમ કિટી તકધીત્તા ધા આ, આ, આ, સુખરંગ
કડાં કડાં ધા ધા ધા, કડાં કડાં ધા ધા ધા, કડાં કડાં ધા ધા ધા—તીર.

સબળસેન— ૩

ધરી હામ હું સત્ય વચનો ઉચ્ચારૂં;
રમણની કુટીલતા હું સહુને બતાવું—ધરી.

કરે છે અતી જુલ્મ મદથી છકેલો
રીબાતાં પીડાતાં ગણે લોક ઘેલો—ધરી.
ખબર જો ન લેશો તો થાશે ખરાબી
સુણો બન્ધુ મારા હું છું સત્યવાદી—ધરી.

જયસીંહ— ૪

ચુપ કરો, ચુપ, ચુપ, અરે અરે,
પ્રપંચથી શું બોલોરે પાપી.
જુઠી વાતો આમ બનાવી, ભોળા રાજાને ભરમાવી
મુજ બન્ધુપર આળ ચડાવી, ચુગલખોર શું જાશો ફાવી;

સબળ—બક નહીં છક નહી.
નીચ તમારા નાંખું ગળાં કાપી

જય— ચુપ કરો, ચુપ, ચુપ, અરે અરે;—પ્રપંચથી.
સમુદ્ર શું મર્યાદા તજશે ! જળધર શું કદી ઝેર વરસશે ?
પાણીથી શું આગ સળગશે ? અમૃતથી શું પ્રાણી મરશે ?
દૈવ ઇછાએ તે કદી બનશે, પણ મુજ બન્ધુ ન નીતીતજશે ?
સુણી તમારાં વચનો અંગે ઝેર રહ્યું વ્યાપી,
ચુપ કરો, ચુપ, ચુપ, અરે અરે.—પ્રપંચથી.

તારા— ૫

હાયરે ! દૈવે દયા ન કરી આવી નડયાં પાપ પહેલાં જનમનાં
કર્મની રેખા નડી. હાયરે.
શું રે કરૂં કયાં જાઉં હવે માને પેટ હું શીદ પડી
રોઈ રોઈ રાતી આંખો થઇ જીભ કચરીને જાઉં મરી. હાયરે.

તારા— ૬

નહિ નહિ કહીં ચેન પડે, પીયુ વિણ મુજ મનરે;

મન મુંઝાયે, જીવ ગભરાગે
સુખ સઘળામાં લાગી લાહ્ય, લાહ્ય, લાહ્ય, લાહ્ય.
અતીશય હૃદય બળે.

રમણસીંહ—શાન્ત થાઓ મુજ શાણી બ્હેની બ્હીક હવે તમને છે કેની.

તારા— અહિં નહિં રહું હું કહું કરગરી

રમણ.— કલ્પાંત કરે શું વળે.—પીયુ.

રમણ— ૭

શિકાર રમવા ગયો હતો ત્યાં રડતી દીઠી આ બાળા;
દુ:ખ પુછતાં વદી મુખેથી બચાવોરે બન્ધુ મારા. શિકા.
મા પિત્રેથી જતાં સાસરે હરામખોરે દુ:ખ દીધું
મુજ પ્રીયપતીને સંગે લઈ ગયા માર મારી બહુ દ્રવ્ય લુટયું--શિકા.
સુણી વાતને દયા આવી મન, આશ્વાસન કરી અહીં લાવ્યો;
સત્ય વદુ છું પુજ્ય પિતાજી વૃથા કોપ શીદ દર્શાવો.--શિકા.

જય.— ૮

બન્ધુ નહિં રહે પ્રાણ એક ક્ષણ તમ વિણ.
દુ:ખથી હૃદય ચીરાય, જ્યાં જાશો ત્યાં સંગે આવીશ

રમણ-બોલ કરીને વીચાર ।। પ્યારા ।। વ્હાલા ।। બન્ધુ ।।
પિતુ વચન જો ઉથાપું તો હું કુળમાં ઠરૂં અંગાર

જય.-તમ સુખે સુખીઓ છું, તમ દુ:ખે દુખીઓ છું.

રમણ.-ડાહ્યો તું કહેવાય ।। પ્યારા ।। વ્હાલા ।। બન્ધુ ।।
નવ દેખે જો તાત તુજને, તો તે અન્ન ન ખાય
થિર થરી તે પાસ રહે તું તો સુખ મુજને થાય.

કેદારસિંહ ૯

વાંકે કે વીણ વાંકે પકડી શેઠ સાહુકારોને
મારૂં ઝુઠું લુઠું પૈસા ફરૂં થઇને ફક્કડ
કરડી આંખેથી કંપાવું મોટેરા સરદારો.
મારા સામા બોલે તેને ચડાપ મારૂં થપ્પડ
મોજ મજા માણું હું નિત્યે કોણ મને પુછનારો છે
રાજાનો હું સાળો છું રહેનારો હમેશ અક્કડ
હું રાજા ધીરાજ થનારો આવ્યો મારો વારો છે
શાહું અત્યાનાશ સહુનું કરી શકે કોણ જક્કડ

શાન્તારામ— ૧૦

માતેલા પાડાના જેવા કરી ઓહમાં (૨) બન્યા પાડા જેવા
ગરીબ બાપડાં રૈશાને ખુશી ખુશી મન થાય
કસાઇથી પણ ક્રુર તે અમલદાર કહેવાય કરી.
હરામી પૈસા ખાઇને કરે મોટેરી ફાંદ હાથ તેપર ફેરવે
પછી ચાલી શકે માંડ માડરે કરી.
નિમક ધણીનું ખાઇને કરે નહિં કાંઇ કામ
પૈસાથી નીજ ઘર ભરે પછી રાજી થશે કેમ રામરે કરી.

રતી સખીયો— ૧૧

ગરબો

જમુનાની તીરે ઝુરે ગોવાલન. ઝુરે ગોવાલન
સ્યામ સુંદરજી શું રે સંતાયા વંદ્રાવનમાં—ઝુરે . .
શોધે વામા વન કુંજમાં નથી રાધા રસીક સખી વૃંદમાં—સુંદર
શીતળ સરદનો ચંદ્ર અમપર વરસાવે અંગારરે
આપ વીરહે નંદકુમાર—જમુનાં.

સ્યામ સમય ઘનસ્યામસંગ સુંદરી રાધે સ્યામ.
સ્યામ વેણી દ્રગ સ્યામથી સમજાવી ગઇ સ્યામ.
વદન ચંદ્રથી શ્રી ચંદ્રને લુભાવ્યા જો
નયન બાણે કંદર્પને કંપાવ્યા જો
નૃપુર નાદે એ નમણીએ નમાવ્યા નંદલાલ—ચંદ્ર
નંદનવન આનંદ વન હૃદયા નંદન નંદ
રતિ રમણ રાધે રસીક જગવંદન સુખકંદ
શૃગ શીલાપર સ્યામ ગોવાળા લેતા લલીતાથી લ્હેજત લાલા
લાજથી લાજંતી લાડીલી બાળા.
નેહથી ન્યાળતી નંદકા બાલા. શોભે ઘનસ્યામ સંગે મેઘમાળા.
બંસી બજાવી વ્રજબાળાઓ બાળવા—જુમનાં

રતી-સખીયો ૧૨

મન મોહન (૨) પ્યારા પાસે આવો
હશી ખુશીથી ગળે લગાવો—મન મોહન
લુચ્ચી ઠગારી મુકી દે લવારી
નયનાંથી નયનાં મીલાવો
હું સૌથી રૂડી રંગીલી રૂપાળી કોડીલા કંથ કહાવો
છોડો ઠઠ્ઠા મશ્કરી પ્રીય બ્હેની છેલા છબીલા કહાવો—મનમોહન

સખી— ૧૩

રંગીલી રસીલી છબીલી સુરત
પ્યારા તમારી છે જાદુ ભરી
મને મારી નયન કટારી હવે તમે મુકોછો શાને વીસારી.
એજી વાહ મુકોછો શાને વીસારી, અરે મને મારી નયન કટારી
બાળપણાની પ્રીતડી તોડો નહિ પ્રીયનાથ

તરછોડો માં વાલમા હેતે સાહો હાથ
કદી નહિ છોડું તમોને પ્યારા
આવો મળો પ્યારા ઓ આંખોના તારા
હું મદમાતી ને મૃગનયની છણકારી છું છેલ.
પસ્તાસો બીજી વરીને બતાવીશ જો ખેલ.
સાન મહીં સમજો સ્વામીજી સલુણા–સાન મહી–આવો.

સખીઓ–રતી— ૧૪

અલબેલા અલબેલી નારી હું તો તમારી
હું હારી
જાઉં વારી
મુકી દે લવારી તારી
નારી તમારી
ચાલો મંદીરમાં નાથજીરે શું રાખો છો લાજ
પ્રેમરસ બહુ પીજીએરે ઉમંગ રંગથી આજ–હું હારી

રતી— ૧૫

વાહ ! શી મજા છે આ સ્થળે રમણીયતા ભરી
નીહાળી ત્રપ્ત થાય ના ચક્ષુ માહેરી—વાહ.
વારી તરંગ વેગમાં ખડકેથી ઉતરે
અતી કર્ણ પ્રિય ખળખળાટ તેહનો ખરે—વાહ.
ઉડે અનેક પક્ષીઓ કલ્લોલ બહુ કરી
સુગંધી પુષ્પ મ્હેકતાં જનમન લીએ હરી—વાહ.
વનસ્પતી અપાર ખીલી જોઉં ફરી ફરી
જંગલ મંગલમય જણાય શાન્તિ વીસ્તરી—વાહ.

રતી— ૧૬

અરે આ મન મારૂં ધરે ન ધિર કાં
પ્રેમે; બાંધે વારૂં ન માને—મન.
પરવશ થાઉં શાને મુઝાઉં
રે ભુલી મુજ ભાન—પ્રેમે.

રતી ૧૭

પ્રીય કરે રમતી કરીને પ્યાર
આપી તેં ઓળખ પ્રીયની મુદ્રા તું પ્રાણધાર—પ્રીય.
તું સુખ દુખમાં ભાગ લેનારી, મોહ મંત્રે મુજને ભરમાવી.
પણ માનીશ ઊપકાર તારો વારંવાર—પ્રીય.

રમણ— ૧૮

આનંદીત મુદ્રા કરે આવી મન ભાવી વ્હાલી મારી સુખકારી આજ તું
મુજ તનમનથી અધીક પ્યારી તું. નીશદીન રહુ તુજ સંગત-
માં—આનંદીત.
પ્રેમબંધનથી બાંધ્યો મુજને, હ્રદય રંગ્યુ રસ રંગતમાં—આનંદીત.

નાયકાઓ— ૧૯

નંદકે કનાઈ કરત લરાઈ નીત મોહે આનરી.
સુનએરી આલી પનીયાં નીત જાઉં જમના ઓપેરી.
નીપટ નીડર આ નહી કરત રાર—નંદકે
ધરસે નીકસી સુનત આનહેરી
એ કહ્યુ ન માન વીનતી પ્રીયા પ્રાનરી—નંદકે

જયસીંહ— ૨૦

બન્ધુ વીનાનો થયો દુખી હું શુરે બગાડયું મેં દૈવ તારૂં.
ગયો હશે ક્યાં એ ભાઈ મારો રડી મરૂં હું થઈ બીચારો.

રાજ્ય સુખો આવાં હોય વારૂં જગ્ત બધું આ થયું અકારૂં
હાય હાય હાય હાય.

જયસીંહ **૨૧**

કરે રૈયતને દુખી અપાર મારૂં તેને લઈ તલવાર
રાજ બીજનો થયો શું નાશ પાપી વરસાવે છે ત્રાસ.
સાંખીને શીદ રહું ઉદાસ. સીંહ બાળ શું ખાશે ઘાસ.
જાઉં દોડીને ઝટ આવાર. મારૂં ખુનીને બહુ માર.
ભલે જાય એ જમને દ્વાર મુજ મનમાં છે એજ વીચાર.—કરે

માધવરાય **૨૨**

ગહન ગતી ઇશની ન પાર કોઈ પામે.
વીભુ કૃતી વીચારીને રૂશી મુની વીરામે—ગહન
ન્યાયનો અન્યાયનો વીચાર જે કરે છે.
પાપ ડુબી જતાં અંતે સત્ય તો તરે છે.
રાખજો ભરૂંસો તમો શીક્ષા ધરી ધ્યાને.—ગહન.

વાલીયો. માધવરાય. વાલી. } **૨૩**

લાવ્યો લાવ્યોરે બાપા લીંબુ ને કેરી.
પણ હું તો કાલ વહુ પરણી લાવ્યો છું.
અલ્યા સાચી વાત કરે છે.
હા તમારા હમ. હું તો રાજી રાજી થાઉં
એને કાખમાં લઉં તેડી.
એ સામે પેલી કીયારાવાળે.
અલ્યા એજ કે.
હા વહુ આવ. અલી આવજેરે હારાં લુગડાં તું પ્હેરી.

મારા વરજીરે તમે હું ફીઓસોજી.
પગે લાગોરે તમારા ઉભા હહરાજી.
જા મારા રોયા છતો આ ગામના કોક હારા માણુહ સે.
લાજ ખો માંરે હદી જાહે આપણા વેરી—લાવ્યો

સબળ }
કેદાર }
૨૪

બન બન મન નીડર ઝટ કર તું આ ખુન
મારીને પામું હું રાજ ધીક ધીક રોક હાથ

શાંતારામ. ધર્મદત.
વીનોદ. મણીશંકર.
બળવંત.
૨૫

માર્યો માર્યો બાપા મારા વોય, વોય. વોય.
શાને કાજે બચ્ચાજી તું રોય, રોય, રોય.
કંઈ ફીકર નહી એવું કદી હોય, હોય. હોય.
કોણે માર્યો ટીપણામાં તું જોય, જોય, જોય.
લુચ્ચા તારી મેં હુંશીયારી, દીઠી સારી ગયો મારી.
અક્કલ તારી ગઇ મારી, તારે મારે મીત્રાચારી
વરો લાડી બેસો ગાડી જાઓ વાડી પીયો તાડી
નાંખ્યું ફાડી અરે માડી, બળે વાડી મરે લાડી.
હાય, હાય, હાય, હાય, હાય, હાય, હાય, હાય માર્યો.

શાંતારામ—
૨૬

ખનનનનનનન રૂપીયા રૂપીયા જ્યાં તાં
રૂપીયા રૂપીયા મોટી વાત.
બાપા કહે બેટા મારો બેન કહે ભાઇ મારો

નારી કહે મારો એતો પ્યારો પ્રાણનાથ.
પૈસા હોય તો સગું સાચું નહી તો એ સરવે કાચું
શત્રુ થઈ પકડે ડાચું પૈસેથી જગ સૌ રાચ્યું.
છે વીશ્વ વસુ વશમાં
પૈસાથી જ્યાં ત્યાં માન પૈસાવીણુ નર નાદાનો
પૈસે થાશે સહુ કામો, પૈસે લે લોક સલામો
છે શ્રી વશ શ્રી ભગવાંન ખનનનન,નનન,

સર્વ— ૨૭

નમીયે નાથ નિરંજન દેવ કરીયેં શુધ્ધ ચીતે શુભ સેવ—નમીયે.
આપ શાન્તિ તું આપ આ જગતમાં તું એક દેવ દયાળ
આપ શાન્તિ તું આપ (૨) આ૦ નમીયે.
ઇશ કૃપાથી દુઃખો દુર થાય માગીયે મળી તમારી કૃપાય
થા સ્હાય તું થા (૨) આ૦ નમીયે.

અંક ૨ જો

વિમોહા— ૨૮

ધર્યો યોગીની વેષ પ્રેમીનાં મન જોવા કાજે
પ્રેમતણું પ્રતીબીંબ જગતમાં વિરલ મનુષ્ય જોશે.
પ્રેમામૃતથી લુબ્ધ થયેલા નિરખું હ્રદય આજે—પ્રેમી.
ધન્ય ઘડી ધન્ય દીવસ આજનો પ્રેમી પ્રેમે મળશે. . .
દુઃખ ટળશે, સુખ શાન્તિ મળશે પ્રેમ શબ્દ ગાજે—પ્રેમી.

રમણ— ૨૯

રત્નપુરની રાજકુમારી રતી પ્રીયા છે મુજ પ્યારી

તેનું રટણુ દીન રાત કરૂં છું શુધ્ધિ શરીરની વીસારી
ક્યારે મળું એ મન મોહીનીને પ્રેમે મને સપડાવ્યો.
જતાં તેહના મ્હેલ સમીપે ભુલો પડી અહિં આવ્યો—રત્ન.

રતી— ૩૦

સખીરે વીરહાનલ અતી બાળે—
અંગમાં ઉઠે જવાળા;
જઇને ઝટ લાવો આ ઘડીએ, પ્રાણુજીવન પ્યારા
ચંદન લેપ થકારે બ્હેની ગાત્ર બળે મ્હારાં
લાવો લાવો રમણુસીંહને વર્ષે સુધા ધારા.

રમણુ— ૩૧

ચિત ચોરી ગઈ પ્યારી વિકળ ગતી થઇ મ્હારી.
પ્રેમબંધનથી બાંધ્યો સરસ સમય એણે સાંધ્યો.
રતી રૂપ કેમ વીસારૂં. ભાન ભુલ્યો હું મારૂં.
નયન બાણે ચિત વીંધ્યું દુઃખમાં દુઃખ અતી દીધું.—ચીત
ધિર શી રીતે ધારૂં. મનને કઇ ગમ વારૂં
પ્રીય છબી હૃદય જડાઈ, સુઝે નહિં હવે કાંઈ.—ચીત

રતી, રમણુ— ૩૨

આજ આનંદની લ્હેર છાઈ.
ચંદ્ર મુખી તાહેરૂં દર્શ પામ્યો.
પ્રાણુ જીવન પ્રિય.—આજ.
મધુર વાક્યો વદી વશ કર્યો બ્હાલી તે.
શાને શરમાવો કહું હાથ જોડી.—આજ.

રતી, રમણુ— ૩૩

વિનવું છું દેવને દાસી તમારી થાવા

તનમન અરપણ કીધું તમને
વાહવા. વાહવા. વાહવા. વિન.
જીવન આધાર, દિયાહાર, છો આવાર, સુખકાર,
લ્યો સંભાળ, પ્રિય પ્રાણ, ગુણ ખાણ,
વિમુખ ન રહું પલ.
વાહવા. વાહવા. વાહવા. વિન.

રતી, રમણ— ૩૪

ફરી એકાન્તે મળજો પ્યારા મુજ હૃદયથી નથીજ ન્યારા
વિનવીને કહું છું દીનદારા
પ્રાણ—પ્રાણ—પ્રાણ
પલ વિયોગ ન વેઠી શકાશે આપ થકી દુર કેમ જવાશે.
કુલીનથી શું લાજ છોડાશે.
પ્રાણ—પ્રાણ—પ્રાણ

રમણ ૩૫

જઇને ઝટ જઇને ઝટ જઇને ઝટ મારૂં પાપી
દોડી જાઉં પકડી પાડું દુષ્ટ તણા શીર સધ્ય ઉડાડું.
આજ્ઞા દ્યો તો તૈયાર છું તૈયાર છું તૈયાર છું—જઇ.

બહારવટીયાઓ ૩૬

કેણે દીઠી છે કાલ આજ રંગ રાગ ઉડાવીયે
કાઢો કસુંબા બલી બલી ભાતે હુંગા પાણીના હાથ મારીયે-કેણે
હોકા હાથેથી અળગો ન કરો મોડે માંડી ગગડાવીયે--કેણે
લુંટફાટ કરતાં લક્ષ્મી મળે છે ધંધો એવો મન ધારીયે--કેણે
બહારવટીયાની બીક જગતમાં ઘરે ઘરે પસરાવીયે--કેણે
ગરીબ ગરબાં જતાં મુકીને અમીર ઉમરાવ રોવડાવીયે--કેણે.

સબળ — ૩૭

ધરી પ્યાર યાર તમે ઝટપટ ધર ધર ધટકાવો દારૂ
કહું વાર વાર સહુ ખટપટ ચટપટ પરહરી પિપો દારૂ
દુનિયાનું રાજ ઘડી પલ મહીં લઇ લેવા જો મન ધરીયે
પલવાર લાગે નવ તરતજ દુસ્મન, શર, પર, ઘા કરીયે.
ધરમ કરમ શરમ તજી જમાવો આજ રંગ
જનમ મરણ સરગ નરક વૃથા બન્યાએ ઢોંગ.
મુખનો રંગ ઝળકે, ચળકે, ડરી મરે દુસ્મન
દારૂ સંગ, નવીન રંગ, રંગ આજ, રંગ--આજ.

રત્ની— ૩૮

નયણે નીદ્રા નાવે જરી મારો રામ ગયો વનવાસરે. નય.
હંસ વીનાના મારા સરોવર સુનારે વાઘ વીનાની વનરાનરે નય.
કૃષ્ણ વીનાના મારા ગોકુળ સુનારે મંદીરયું સુનું મારા સ્યામરે-નય.
માતા કૌસલ્યાજી એમ કહી વીનવેરે સમીપે રહો મારા સ્યામરે.

જય— ૩૯

દયા ન દે રે દિલધારી
રાંજવંશીને કર્મે શું આવાં દુઃખો લખ્યાં કારી—દયા.
નયનથી નિત્ય વહેવારી
આકુળ વ્યાકુળ પલ પલ થાઉં, બન્યો છું ભીખારી—દયા.
ભાળે નવ ભાઇ તણી લાગી,
ભુખ્યો તરસ્યો અહિં તહિં ભટકું સુધ બુધ વીસારી—દયા.

જય— ૪૦

અભાગી હું છું રાજવંશી અરે,
લખ્યાં છે ધણા દુઃખ કર્મે અરે.

વૈભવપુરના રાયનો છું નાનેરો તન,
કાકાની ખટપટ થકી મુજ બન્યું ચાલ્યો વન.—અભા.
પ્યારા એ મુજ ભાઇનું રમણસીંહ છે નામ.
દ્યો પતો કહું કરગરી હું તરત જાઉં તે ઠામ.—અભા.

રતી— ૪૧

શર્મ તજીને કહું છું પ્યારા, રતી મુજનામ રાજ બાળા.
તન મન હું અરપી ચુકી છું રમણસીંહને હાથ
ક્ષણભર પણ નવ રહી શકું હું છોડી તેનો સંગાથ
ઓવારણાં હું લઉં તમારાં રહોને સંગે થઇ સુખાળાં—શર્મ.

રતી— ૪૨

દશા શી આ કરી નરહરી માહેરી—દશા શી.
ગયું સુખ સર્વદા પડી કયાંથી આપદા.
કંથ તજીને ગયા. થયા બુરા મુજ હાલ.
રહું ધીર કેમ ધરી.—દશા શી.
દાસીપર કૃપા કરી સંભાળ લ્યો જરી,
આ શું તોફાન, ગઇ શુધસાન,
બની હેરાન, અને બેભાન.
વીરહ વેદના મહીં ઝુકાવી શ્રી હરી.—દશા શી.
પ્રેમ પારણે ઝુલતાં. કરતાં ચેન અપાર.
પ્રેમી પંથે પરહર્યાં. નાંખી દુખ મોઝાર.
રહું ધીર કેમ ધરી—દશા શી.

જય અને રતી ૪૩

પ્રિતે રીતે નિત્યે નમું દેવ ચોખ્ખે ચીતે કરૂં શુભ સેવ
વિનવી પ્રણમી માગીયે માફ આપો વિભુ ઝટ અમને ઇન્સાફ

જળમાં સ્થળમાં સઘળે વાસ એમ અંતરમાં ધર્યો વિશ્વાસ
સુખમાં દુઃખમાં રટીયે નામ ઘટ ઘટ વ્યાપી રહ્યા ઘનસ્યામ

હાકલો હાકલી ૪૪

તુ સો માલા હૈડાનો હાલ વર સેલા

* * * *

તુ સો માલા
જાવા ન દઉ તને ઘડી એક વેગળો.
સોરૂના બાપ થા હો વેલા, મારા સોરૂના બાપ થા હો વેલા—તું.
હાક માલો ઝાલીને તમે તો એ કદી સેનરાં માંહીના સેલા—તું.
સંગાથે બેસીને જમીએ રાબડી કેવું ઘડક ફાગો વેહેલા—તું.

મેઘલો— ૪૫

બાપા હુતુ રમેને નાચેરે બહુ ભારે
વળી હેતે કરી બોલાવેરે બહુ ભારે
કનો રોઇ પડેસે, હસી પડેસે, એક મેકને બાથ ભરેસે
માડી મઝા હું દેખાડુંરે. બહુ ભારે.
એને ઘરમાં રાખજે, માંખણ આલજે,
રોટલો ડુંગરી રાબડીરૂડી, ગાજરમીઠાં ખવરાવજેરે. બહુ ભારે.

રતિ. રમણસીંહ.
જયસીંહ. ૪૬

પ્યારી પ્યારી. ઓ પ્યારી, તુજથી જીવન સુખકારી.
ભાગ્યોદયની તું દેવી, સુખ દુખમાં હું લહું સેવી.
દાસી છઉં તમારી, તન મન ધન તમપર વારી.
આશ પુરે પ્રભુ મારી, લાગી છે લગની ભારી. પ્યારી.
ઘેલી થઇ તું શું ભાભી, ભાઇ ક્યાં જાશે ભાગી.

લાજ રાખો કંઇ વીચારી, શરમ છેક શું વીસારી.
વાયરે દીયરજી મારા,
લાગો ભાભી રૂપાળાં,
આજ થયો આનંદ ઇશનાં છઇયે ઉપકારી.

અંક ૩ જો

રમણસીંહ— ૪૭

અપાર જે ઉપકાર ભુલીને વદે મુખેથી અવળો બોલ.
તે નરને આ જગમાં સહુ જન ગણુશે નીશ્ચ ખરને તોલ. અપાર.
સુજ્ઞજનોનીજ ઉપર કોઇનો ચડાવવા નવ દે ઉપકાર.
કદી થયો ઉપકાર જાણે, તો બદલો દેવાને તૈયાર—અપાર.
મહાન પુરૂષ મન ઇચ્છે એવું, સદાય કરવો પર ઉપકાર.
દયા કરી ન કોઈ ઉપરે, તો જીવતરને છે ધીક્કાર—અપાર.

જયસીંહ— ૪૮

અતી પ્રીતથી બોલાવે મને દીયરજી કહી.
કહો કેમ એની પાસે જાઉં હું નહી—અતી.
મશ્કરી કરૂં તો સાંખી રહે છે સંતોષે.
નામ લેતાં આપનું શરમાય તે સહી—કહો.
મીઠું મીઠું બોલી મને છેતરી તો લે છે
ઘેલી ભાભી કહ્યું ત્યારે સાભળી રહી—કહો.

રમણસીંહ— ૪૯

પ્રીયા શુધ્ધ પ્રેમે મને તો ભજે છે,
એ મુગ્ધાની ચેષ્ટા જોવાની મજે છે—પ્રીયા.

જુવે આડી આંખે અતી પ્રેમ ભાવે
વળી ચાતુરીથી શરમ એ સજે છે—પ્રીયા.
વદન ચંદ્રમાંથી વદે મીષ્ટ શબ્દો.
ખરે તે સમે પ્રેમ અમ્રત વહે છે—પ્રીયા.
થઈ પ્રેમ ઘેલી કરે પ્રેમ ઘેલો
કહીં બહાનું કહાઢીને આવી મળે છે—પ્રીયા.

રતી-રમણુ— ૫૦

તલપે, તલપે, તલપે, નેના રે દરશ વીના—તલપે.
કરૂણા કરી મને લ્યો ઉગારી
પ્રીય સ્ત્રી મુજ પ્રાણથી પ્યારી
ધ્યાન ધરૂં છું તમારૂં નિશ દીન
જીવન પ્રાણ દીધું દરશન દાન—તલપે.

જય— ૫૧

મારૂં દુશ્મન બિરજ કેમ હું ધઇ આપલમાં જાઉં જાઉં ઝટ દોડી.
પકડું પાપી નાંખું કાપી પાછી પાની કદી ના કરૂં—મારૂં.
શુરવીર કેમ સંતાઈ રહેશે, વેર કરીને, ડર ધરીને,
તરફડીને, થરથરીને, કરગરીને, છળી મરીને—મારૂં.

કેદાર— ૫૨

ચતુર સુઘડ પ્રીય હ્રદયે જડાઈ
તનમન વશ કર્યું તેં સુખદાઈ—ચતુર.
રતી વીલાસ તુંજ સંગે રમતાં
ભાન રહે નહિ મને દીનરાતતણું કાંઈ—ચતુર.

કેદાર તથા તાલ— ૫૩

વાહ ભોળીને ભરમાવો શરમાઓ,
વાહ રસીલી રંગ જમાવો,
આવો આપો પ્રીય લ્હાવો
જાઓ જાઓ ન વાત ઉડાવો—શું લજાવો.
અલબેલાં નેન નચાવો, કાલા ઘેલાં શું થાઓ
જાદુની જાળ ફેલાવો મન ભાવો—વાહ.
તમ સંગે જંગ મચાવી
નથી ગયા સુભટ કો ફાવી
વાહ શી ચતુરાઇ ચલાવી.
વાહ ભ્રકુટી સારી ચડાવી—વાહ.

વાલ— ૫૪

છેટા અલબેલા છેડો નહી છેલા,
છેડો નહી છેલા છેડો છોડો છેલા—છેટા.
વાટે ઘાટે માટે મારે ફરો છો શા માટે
લોક લજ્જા શું વીસારી
ચર્ચા કરે સૌ દુરીજન મારી
મેવા મીઠા માવા ન હોય સ્હેલા—છેડો.
રંગે રમાડું પ્રીતી વારી પીવાડું,
મ્હેલે પધારો મુરારી,
મનહર છબીપર જાઉં બલીહારી.
સદન મદન આવો વ્હેલા—છેડો.

ચાન્તારામ— ૫૫

અહા ફતેહ ફતેહના ડંકા
બાજી જીત્યા બંકા બસ. વાહ. વાહ. વાહ.
જઇ જલદી વધાઇ દેવી ॥
આહા બહાદુરી કેવી ॥
અમે બંદા ફંદામાં પુરા ॥
હારે હુંથી શુરા ॥
પીતા પુત્ર પ્રેમે ભેટાડું ॥
પાપી ધુળ ઉડાડું ॥

હોકલો હોકલી—— ૫૬

મલી જાઉરે હોકલી હું તારા નામનેરે
ઘેલા હરમમાં નાંખ હુ કામનેરે—મલી
બકી ભરતો, ચાલા કરતો, આઘો જાતો,
પાછો વળતો, જા હવે,
હું તો ભુલી ચાલ્યો માલા ભાનનેરે,—મલી
લાટ અંધારી, કી રૂપાળી, બોલે કાલી, લાગે વાલી,
જા હવે,
તું ટો બીવલાવે આખા ગામને જો—મલી
બ. ચા. આ. પા. જા હવે
હું તો ભુલી ચાલ્યો માલા ભાનનેરે—મલી

કેદાર— ૫૭

રચ્યો હવે મને કોનો ડર, ઉડાવું ઝટ સબળનું સર.
કરૂં જગતમાં વીર નર, કેમ રહે મનમાં સબર

સહું હું રાજ આપજો લુંકું ગામ ભુજ બજો
રાજા ધિરાજ કહી નમે, બખાય ગામમાં—રથો.

ઠેકણો હોકલી— ૫૮

હો કોઈ ઓઢે સે લુડાં હાડલારે
મેંતો ઓઢી સે હોનેરીની હાડી
વ્હાલી હુંને, માલી હુંને, આવી રૂપાળી કોને આલી—હો
નાસુ ગાઉં હું રૂડી રીતથીરે,
રાજી રાજી થઇને પાડું તાળી
વ્હાલી હુંને, માલી હુંને, આવી રૂપાળી કોને આલી—હો
ચેવી રંગીલી લાગું આજ હુંરે
હુંટો જોને આંખો તારી ફાડી
વ્હાલી હુંને માલી હુંને આવી રૂપાળી કોને આલી—હો

તારા— ૫૯

ચાલો ખુશી ખુશીથી આવો પિયુ,
ચાલો ખુશી ખુશી થઈ આજ આજ, ફાંકડા છો રાજાધિરાજ
રસીલા રંગીલા મ્હાલો રંગ છેલ છબીલા ઉડાવો રંગ
પ્રિતે પધારો મ્હેલમાં—ચાલો

તારા— ૬૦

ના જો નખરાથી નીત્ય છેલને નચાવુંરે
મીઠું મીઠું બોલી કાળજું કોરી
મોહતણી જાળમાં હું કંઇકને ફસાવુંરે—નાજો
મોટાના જોર સુખે હોય જનમથી

દારૂ પીવરાવી તેને દિવાના બનાવુંરે—નાજો.
પાસે પૈસા તો પ્રીત રાખું રીતેથીરે
ખાલી થયો તો પછી ખાસડું લગાવુંરે—નાજો

નાયકાઓ— ૬૧

લેલા લેલો પ્યારે શરાબકી બહાર
નયા નયા જોબન તુંમ લુંટો મેરે યાર
હા સમાલો મોરે હાથોકા કંગના
છોડો ન તોરો મોરી મોતનકી માળ
જાઓજી છેલા મોરી બઇયા ન મરોરો
એસે ક્યા નીડર તુંમ હોયે દીલદાર
લાલ ન ધરો મોરી સારીકા પલ્લા
લાજોજી લાજો લાલાજી લગાર
બોલોજી બોલો સૈયાં પીયા બુલાવે
હો જાઓ પ્યારે હમારે હોસ્યાર

સબળ. ૬૨

પ્યાલી મ્ઓતની પિઓજી
છો મરવા વાલા પ્યારારે--પ્યાલી.
મ્ઓતનો ઉડે છે રંગ અહિં ભારે
હું તો કાળ છું તમારો--છો.

સબળ— ૬૩

આભુશણુ કેવાં દીપે મુજને--કેવાં.
મેં ઓઢી છે રેશમની સાડી.
કે તેને જોઇને--કેવાં.
મારી ચોળીમાં સારા કટોરા.

કે તેને જોઇને--કેવાં.
મારા લેંઘામાં રેશમની નાડી

સખળ— ૬૪

વાહરે વા ! વાહરે વા ! જીવ લહું
નાચું ગાઉં રંગેથી હું રાજી થઇ,
તારું લોહી પિઉં, ચાલું ઠમકની ચાલ,
ઠમક ઠમક થેઇ થેઇ. વાહ.
તારો કાકો છઉં, જુઓ કેવી મઝા,
તારાં ઓવારણા રૂડાં લેઇ લેઇ. વાહ.

શાંતારામ— ૬૫

જગતમાં નર પામરને ધીકકાર
કરે એક પેટ કાજે નીરદય કામ અપાર
કોઇને મારતારે કોઇને કાપતારે. જગતમાં
વિશ્વાસુ જનનો કરે શીકાર
પટાવી સમજાવી કરે લાચાર
આવો આવો લાવો લાવો ચાલે એના એજ વીચાર. જગતમાં
અંતે ચોરીનું ચંડાળે જનાર
લોભીનું ધન જર ધુળે દટાય
ખાધું પીધું કાંઇ ના હાય હાય હાય હાય હાય કરતા
હાય હાય હાય હાય ચાલ્યા જાય.

અબુદ્ધસેન— ૬૬

પરબ્રહ્મ પરામર વિશ્વપતિ નમીને તમને કરું છું વીનતી. પર.
વિભુ સૃષ્ટી સમસ્ત વિષે વિચરો કરૂણા નીધિ કષ્ટ સમસ્ત હરો.
નવપાર વિભુ કોઈ પામી શકે ભણતાં ગુણ ભારતી થાકી જશે. પર.

ભરૂસો જગદીશ મેં તારો ધર્યો કરૂણા નીધિ કષ્ટ સમસ્ત હરો પર.

અબુદ્ધસેન— ૬૭

જાઓ જય રમણને લાવો, તેની સત્વર ભેટ કરાવો—જાઓ.
જ્યારથી એ મુજ બાળ જ્યારે, અન્નપાણી રૂચશે ત્યારે,
મળવા તલપે મનડું મારૂં, જાઓ જાઓ જાઓ—જાઓ.

રતી— ૬૮

કામ સતાવે હાય કરૂં શું કામ સતાવે હાય,
મદન મોહન પ્રિય પ્રાણની સંગે, ક્યારે મળીને બેસાય—કરૂં શું.
ઘડી ઘડી પલપલ મુજ મન અંદર, અનેક તર્કો થાય—કરૂં શું.
ભેદ રહસ્યનો કોઇ ન જાણે, મન અતીશય મુઝાય—કરૂં શું.

વિમોહા ૬૯

જોબન જ્યારે આવે મદન રાગરંગ રંગમાં ઝીલે
બ્રહ્માનળ બાળે —જોબન.
સ્તન પ્રફુલીત કટી પાતળી થાયે નિતંબ ગુરૂતા ધારે
બાળ પણાની રમત તજી, ચિત ચડે નવીન ચાલે—જોબન.

સખીઓ— ૭૦

રાસ.

આવો આવોને રસીયે રાસ સહુ સંગે મળીને
અતી આણીને મન ઉલ્લાસ સહુ સંગે મળીને.
આપો આપો પરસ્પર તાળ—,,
તમે ચાલો હમકતી ચાલ —,,
વાગે વાગે રંગીલાં સાજ —,,
અતિ આનંદનો દીન આજ —,,
નવ ચુકો તમે કોઇ તાન —,,
જેથી વાધે જગતમાં માન —,,
જુવતીઓ મદની ભરી મધુર કંઠથી ગાય
સંગીત ઠાઠ જમાવતી નીજ અંતરની માંહ્ય

હાસીયો વીમાહા }
રજી, ૩જી, રતી, સર્વ } ૭૧

બાઇ મળો આનંદે પ્રિતમને
ધન્ય ઘડી ધન્ય દીવસ આજનો—મળો.
હળવેથી ચાલજો
જોજો સંભાળજો
પડી ન જાતાં—પ્રીતમને.
મશ્કરી શું કરો છો મુજ બ્હેની
રમણસીંહને મળશો કે નહિ.
હા. હા. હા. હા.
કેમ હોય બાઇ હવે ધીર તને—મળો.

રમણ—જય ૭૨

નમી નમીને કૃપા તમારી, માગી લહીયે મનથી સત્ય વચનથી
અમ દોષો ના જોશો સંતોષોને પોષો—નમીને.
તિરથ સ્વરૂપ પ્રભુવત ગણી નીત નીત,
સેવ કરી જન્મ સફળ કરીયે.
ઉમેદ પિતુ પુરી કરશો ગણી બાળ અજ્ઞાન-
દયાની દ્રષ્ટી અમૃત વૃષ્ટી વરસાવો આકાળ—નમી૦

સર્વ પાત્રો— ૭૩

સુંદર સુખકારી વાહ ! મંગળ પલ છે.
પ્રેમી જોડું પ્રેમે મળ્યું થયાં આનંદીત રે
વાહ ! વીભુ કૃતી વાહ ! સત્યનો જય છે. (૨)

સમાપ્ત.